NCS Code: 3311.0201 BFSI07

# ઈક્વિટી ડિલર

ઈક્વિટી રિસર્ચ એનાલિસ્ટ તેમના ગ્રાહકોને કયા શેરો ખરીદવા અથવા વેચવા જોઈએ તે અંગેની ભલામણ કરે છે કે અને આ ભલામણોને સમર્થન પુરું પાડતા વિશ્વસનીય સંશોધન પ્રદાન કરે છે. આ માટે તેઓ સંશોધન કરે છે અને સ્ટોક અને અન્ય સિક્યોરિટીઝનું વિશ્લેષણ કરે છે.



## વ્યક્તિગત નિપુણતા

- તમે વિગતો પર ધ્યાન આપો છો
- તમે આવક અને ખર્ચનો ચોક્કસ રેકોર્ડ રાખી શકો છો
- તમને સંખ્યાઓ સાથે કામ કરવું ગમે છે
- તમને સમસ્યાઓ હલ કરવી ગમે છે

ફી

આ અભ્યાસક્રમની ફી આશરે રૂ. ૧,૦૦,૦૦૦ થી ૩,૦૦,૦૦૦* જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય પ્રવાહમાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન/ફાઈનાન્સ/બેંકિંગ/કોમર્સ અથવા સંબંધિત વિષયોમાં સ્નાતકનો અભ્યાસ કરો.

**અથવા**

સ્નાતકની પદવી પૂર્ણ કર્યા બાદ સમાન અથવા સંબંધિત ક્ષેત્રમાં અનુસ્નાતકની પદવી પ્રાપ્ત કરો.

**અથવા**

સ્નાતકનો અભ્યાસક્રમ પૂર્ણ કર્યા બાદચાર્ટર્ડ એકાઉન્ટન્સી/ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટની પરીક્ષાઓ પાસ કરો.

**અથવા**

ફાઈનાન્શિયલ મેનેજમેન્ટ/બેન્કિંગ અને ફાઈનાન્સ/બેન્કિંગ અને કેપિટલ માર્કેટ્સ અથવા કોઈપણ સંબંધિત વિષયમાં ડિપ્લોમા અભ્યાસક્રમ પૂર્ણ કરો, પછી ઓછામાં ઓછા ચાર વર્ષ માટે કામ કરો અને પછી ચાર્ટર્ડ ફાઈનાન્સિયલ એનાલિસ્ટ માટેની પરીક્ષા આપો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

## અપેક્ષિત આવક

*અહીં આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

ઈક્વિટી ડિલરનો અંદાજિત પગાર દર મહિને રૂ. ૨૦,૦૦૦ થી ૧,૬૫,૦૦૦* જેટલો અથવા તેથી વધુ હોય છે.

સ્રોત: https://www.payscale.com/research/IN/Job=Equity_Analyst/Salary

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ઈન્વેસ્ટમેન્ટ બેંકો, એસેટ મેનેજમેન્ટ કંપનીઓ અને વીમા કંપનીઓ સહિત અન્ય સંલગ્ન સંસ્થાઓ

**ઉદ્યોગ સાહસિકતા:** તમે સ્વતંત્ર એનાલિસ્ટ તરીકેનો વ્યવસાય અપનાવી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ એક ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતુ નથી. સ્થાનિક મુસાફરી એ નોકરીની ભૂમિકાનો એક ભાગ છે કારણ કે તમારા ગ્રાહકોને મળવા માટે તમારે મુસાફરી કરવી પડે શકે છે. જો તમે સ્વતંત્ર રીતે કામ કરવાનું પસંદ નથી કરતા તો, તમારે અઠવાડિયામાં ૪૫ કલાકથી વધુ કામ કરવાનુ બની શકે છે.તમારે રોકાણ સંબંધી બાબતોની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને તેમજ રોકાણકારોની સમયમર્યાદાને પહોંચી વળવા માટે વધારે કલાકો કામ કરવું પડી શકે છે.

**આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે**

## અપેક્ષિત પ્રગતિ પથ

ઈક્વિટી ડીલર → ઈક્વિટી મેનેજર → પોર્ટફોલિયો મેનેજર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ, એકાઉન્ટ્સ એક્ઝિક્યુટિવ, ફાઈનાન્સ એનાલિસ્ટ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ વાણિજ્ય વિભાગ દ્વારા ચલાવવામાં આવે છે.**
સંસ્થાઓની આ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. લખનૌ યુનિવર્સિટી
૨. મુંબઈ યુનિવર્સિટી
૩. ઓસ્માનિયા યુનિવર્સિટી, હૈદરાબાદ
૪. અલ્હાબાદ યુનિવર્સિટી, અલ્હાબાદ
૫. દેવી અહિલ્યા વિશ્વવિદ્યાલય, ઈન્દોર
૬. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૭. બર્દવાન યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૮. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડા, વડોદરા

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે)

૧. જે.ડી. બિરલા સંસ્થા, કોલકાતા
૨. સેન્ટ ઝેવિયર્સ કોલેજ, અમદાવાદ
૩. ક્રાઈસ્ટ યુનિવર્સિટી, બેંગ્લોર
૪. જી.યુ.એન.આઈ., મહેસાણા
૫. બિરલા ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી એન્ડ સાયન્સ, રાજસ્થાન
૬. ગલગોટીયા યુનિવર્સિટી, નોઈડા
૭. વેલ્લોર ઈન્સ્ટિટ્યુટ ઓફ ટેકનોલોજી, વેલ્લોર, તમિલનાડુ
૮. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ

સંસ્થાઓના રેન્કિંગની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://swayam.gov.in/explorer?searchText=commerce
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in

*NPTEL-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**તબસ્સુમ ઈનામદાર** બી.એફ.એસ.આઈ. ક્ષેત્રમાં ૨૫ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. તેણીએ આર.એ. પોદ્દાર કોલેજ ઓફ કોમર્સ એન્ડ ઈકોનોમિક્સ માટુંગા, મુંબઈ માંથી બિઝનેસ/કોમર્સમાં સ્નાતકની પદવી પ્રાપ્ત કરી છે. ત્યારબાદ, તેઓ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ બન્યા. તેણીએ ૧૯૯૨ થી ૨૦૦૮ દરમિયાન ઈક્વિટી એનાલિસ્ટ તરીકે કામગીરી બજાવી હતી, અને હવે તે ઈન્ડિફિ ટેકનોલોજીમાં ડાયરેક્ટર્સ પૈકીના એક છે.*

સ્રોત: https://tameel.in/tabassum-inamdar/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.